# તૃતીય વાર્ષિક દિનની ઉજવણી

બાગાયત કોલેજ, આ.કૃ.યુ., આણંદ ધ્વારા તા. ૨૭/૦૪/૨૦૧૮ ના રોજ તૃતીય વાર્ષિક દિન "પેટલ્સ – ૨૦૧૮" ની ઉજવણી કરવામાં આવેલી હતી. આ કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહમાં અધ્યક્ષ તરીકે ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ગુણવંત વ્યાસ, હાજર રહી અને યુવા જાગૃતી અને શિક્ષણ થી ભવિષ્યની ઉજળી તકો વિશેનું વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડેલ છે. આ કાર્યક્રમના અતિથિ વિશેષ ડૉ. કે. પી. પટેલ, વિદ્યાશાખાધ્યક્ષ, બાગાયત કોલેજે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ તેમની વિવિધ ઈતર પ્રવૃતિઓમાં ભાગ લેવાની પ્રવૃતિને બિરદાવેલ છે. ડૉ. એસ. એચ. અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ હાજર રહી ભણવાની સાથે અન્ય પ્રવૃતિનું મહત્વ સમજાવેલું હતુ. ડૉ. એમ. એન. બ્રહમભટ્ટ, કુલસચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ પાણીનું મહત્વ સમજાવેલ હતું.

ઉદ્દઘાટન સમારંભમાં શાબ્દીક સ્વાગત ડૉ. એચ. સી. પટેલ, આચાર્ય, બાગાયત કોલેજે કરી સર્વ મહેમાનોને આવકારેલા હતા. કોલેજના જનરલ સેક્રેટરીશ્રી, રાજેન્દ્ર પંચાસરાએ ૨૦૧૭–૧૮ બાગાયત કોલેજમાં થયેલી વિવિધ પ્રવૃતિનો વિસ્તારપૂર્વક અહેવાલ રજુ કરેલ.

આ કાર્યક્રમમાં અત્રેની બાગાયત કોલેજના વિદ્યાર્થીઓ જેઓ રાષ્ટ્રીય સ્તરે, રાજય સ્તરે પસંદગી પામેલા હતા તેઓને પ્રમાણપત્રો તથા ઈનામ આપવામાં આવેલ હતા. તથા આંતર કોલેજ સ્તરે ભાગ લીધેલા વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો તથા ઈનામો આપવામાં આવેલા હતા. સાથે સાથે દસ જેટલા પ્રગતિશીલ ખેડૂતો આ કાર્યક્રમમાં હાજર રહેલા હતા તેઓને પણ સાલ ઓઢાડી અને સ્મૃતિ ચિહન આપી પ્રોત્સાહિત કરેલા હતા. આ કાર્યક્રમમાં વિવિધ કોલેજના આચાર્યશ્રીઓ, એસ.આર.સી. ચેરમેનશ્રીઓ, વિવિધ વિભાગનાં વડાશ્રીઓ, બાગાયત વિભાગ તથા બાગાયત કોલેજના કર્મચારીગણ પણ હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

કાર્યક્રમના અંતમાં ડૉ. એ. એચ. બારડ, ચેરમેન, વિદ્યાર્થી સંઘે, મહેમાનો તથા અધિકારીગણનો આભાર માની ઉદ્દઘાટન કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ હતો.

તૃતીય વાર્ષિક દિન ઉજવણી નિમીતે તા. ૨૭/૦૪/૨૦૧૮ ના રોજ સાંજના ૬ વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમ, ભોજન અને રાત્રે ગરબાનું આયોજન કરવામાં આવેલુ હતુ. જેમાં બાગાયત કોલેજના વિદ્યાર્થીઓ ધ્વારા ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવેલો હતો.

તૃતીય વાર્ષિક દિન નીમીતે, કિવિઝ, એક મીનીટ, ફાઈન આર્ટસ, વકૃત્વ સ્પર્ધા, શાકભાજી અને ફળોમાંથી વિવિધ પ્રકારની ડીશો તૈયાર કરવી, વેસ્ટમાંથી બેસ્ટ, જેવી રમતોનું આયોજન તા. ૨૭/૦૪/૨૦૧૮ અને તા. ૨૮/૦૪/૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલુ હતુ જેમાં બહોળી સંખ્યામાં બાગાયત કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ તૃતીય વાર્ષિક દિન નિમીતે, (ક્રિકેટ, ભાઈઓ) વોલીબોલ (બહેનો અને ભાઈઓ), બેડમિન્ટન

(ભાઈઓ અને બહેનો) જેવી રમતોનું પણ આયોજન કરવામાં આવેલુ હતુ. જેમાં પણ બાગાયત કોલેજના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો હતો.

તા. ૨૮/૦૪/૨૦૧૮ ના રોજ આયોજીત કરેલી વિવિધ રમતોનું પરિણામ તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ડૉ. એસ. એચ. અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ, આ.કૃ.યુ., આણંદ અને ડૉ. એચ. સી. પટેલ, આચાર્યશ્રી, બાગાયત કોલેજ, તથા નિર્ણાયકગણ, બાગાયત કોલેજના કર્મચારીગણ હાજર રહી ઈનામ વિતરણ કરવામાં આવેલ. અંતમાં ડૉ. એ. એચ. બારડ, ચેરમેન, વિદ્યાર્થી સંઘ બાગાયત કોલેજે સૌનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ હતો.





ઉદ્ઘાટન સમારોહ – પેટલ્સ ૨૦૧૮








સાંસ્કૃતિક કાર્યક્રમ – પેટલ્સ ૨૦૧૮




પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ – પેટલ્સ ૨૦૧૮





આંતર સેમેસ્ટર ફાઈન આર્ટસ સ્પર્ધા – પેટલ્સ ૨૦૧૮





આંતર સેમેસ્ટર વકૃત્વ સ્પર્ધા – પેટલ્સ ૨૦૧૮



ફૂડ કોમ્પીટીશન– પેટલ્સ ૨૦૧૮



એક મિનિટ સ્પર્ધા– પેટલ્સ ૨૦૧૮



વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા– પેટલ્સ ૨૦૧૮



ફળ અને શાકભાજીમાંથી બનાવેલ ડીશ– પેટલ્સ ૨૦૧૮





ગૃપ ડીસ્કશન સ્પર્ધા– પેટલ્સ ૨૦૧૮

| | |
|---|---|
|  |  |
| સ્પોર્ટસ વીક– ૨૦૧૮ | |
|  |  |
| ઈનામ વિતરણ સ્પોર્ટસ વીક– ૨૦૧૮ | |